સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

જન-ધનનાં ખાલી ખાતાંથી ઉજવો ધનતેરસ!
વિકાસની વાતો વાગોળીને ઉજવો ધનતેરસ!
લોન-ઉધાર-બાકી હપ્તાથી ઉજવો ધનતેરસ!
કરોડોનાં સાંભળી કૌભાંડ ઉજવો ધનતેરસ!

હાઈકુ

ધરાતા નથી,
ખાય અબજો છતાં -
વાઘબારસ..
(ભૂખડી બારસ લોકો)

ખનખનાટ
સાંભળીને ઉજવો
ધનતેરસ!
(કરોડપતિ નેતાઓ)

ચિંતન

હાડ જરૈ જયોં લાકડી કેસ જરૈ જયોં ઘાસ । સબ જગ જરતા દેખિ કરી, ભયે કબીર ઉદાસ ॥

દેહ, શરીર, રૂપ, બળ-નું અભિમાન કરવું નકામું છે એ અનિત્ય છે, ક્ષણભંગુર છે આધિ-વ્યાધિ-ઉપાધિ જેવા ત્રિ-વિધ તાપથી પિડીત છે. જન્મ-મરણ-જરા-વ્યાધિથી આવૃત્ત શરીર કાયમી નથી - નાશવંત છે.

અંતિમ ક્રિયામાં સ્મશાન ગૃહમાં જયારે દેહનું દહન થતું હોય ત્યારે માથાના ટાપટીપ કરેલા શેંમ્પ અને ઉમદા તેલથી પંપાળેલા વાળ ઘાસની જેમ તડતડ કરતા બળી જાય છે. શરીરના હાડકાં લાકડાંની જેમ ખાખ થઇ જાય છે અને માનવ શરીર-દેહ તો જીવનના પરિતાપમાં સતત સળગ્યા જ કરે છે આવા-દુખોની ચિતા પર સળગતા જીવનને જોઇ કબીરદાસજીને શરીર અને જીવન પ્રત્યે 'ઉદાસીન' ભાવ જાગૃત થાય છે. આને માનસિક વૈરાગ્ય કહેવાય.

મનની તૃષ્ણા-ઇચ્છાઓ જયારે છૂટી જાય ત્યારે જ ઉદાસીનતા જાગે છે ત્યારે કબીરજી ગાય છે : મન લાગો મેરો યાર ફકીરીમેં જો સુખ પાવું ગરીબી મેં વો નહીં હૈ અમીરી મેં.

સુવિચાર

- કાન પર પડતાં સારા કે ખરાબ શબ્દો સાંભળવામાં ન આવે એ શક્ય નથી... આથી શબ્દોનો નહીં પણ શબ્દો પ્રત્યે ઉપજનારા રાગદ્વેષનો ત્યાગ કરવો જોઇએ **- માનસસૂત્ર**
- જીંદગીએ મને શીખવ્યું કે તક મળે પરોપકારના કામ કરવા, બીજાના ભોગે કંઇ પણ મેળવવું નહીં, બીજાને થતી હાનિ કે ઇજા વહોરી લેવામાં જ મૂળભૂત ધર્મનો સમાવેશ થાય છે **- મોરારજી દેસાઇ**
- સગવડ છે એટલી કે ગમે ત્યાં હસી શકો.. અગવડ છે એટલી કે ગમે ત્યાં રડાય ના **- મરીઝ**
- જીવનમાં પ્રગતિ કરતાં સાથે સાથે માણસ નવા નવા પરિચય કેળવતો જાય તો થોડા જ સમયમાં માણસ એકલો પડી જશે **- સંત વર્ગીસ**
- કર્મ ન પ્રગટાવતું જ્ઞાન ભારરૂપ છે **- ભર્તુહરિ**
- અવગુણ રહીને દૂર રહીશ તો તારૂં કોઇ કંઇ બગાડી શકશે નહીં, ધોબી મેલા કપડાંને જ પથ્થર પર પટકે છે **- વિદુરજી**
- એક જ બગીચામાં ભમરો ફૂલ પર બેસે છે અને ગોબરિયો કીડો છાણનો ઢગલો શોધે છે.. સંસ્કાર કે રૂચિ નો ફેર ત્યાં દેખાય છે **- ઇશ્વર પેટલીકર**

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

સંત કબીરજીએ કહ્યું છે દુખ મેં સુમિરન સબ કરે સુખમાં કરે ન કોઇ, જો સુખ મેં સુમિરન કરે તો દુખ કાહે કા હોય? કુંતી માતાએ કૃષ્ણ ભગવાન પાસે સતત દુખની માગણી કરી - દુખમાં સતત ઇશ્વર યાદ આવે છે. ઇશ્વરનું સતત સ્મરણ જ સાચું જીવન છે.

સંત જુનૈદ એક સૂફી સંત હતા.

સંત સદાય પ્રાર્થના કરતા એમાં કહેતા. હે કરૂણામય ઇશ્વર! તું મારા તરફ સદાય-સતત દુખની ધારા વહાવતો રહે! સુખથી સદાય અળગો જ રાખજે!

શિષ્યએ કહ્યું - બાબા! દુનિયા આખી સુખ માગે છે પણ તમે તો રોજ બંદગીમાં દુખ જ કેમ માગો છો?

સંત કહે - બેટા! સુખ આપણને એશ-આરામમાં સૂવડાવી દે છે! પરમાત્માને ભૂલાવી દે છે. દુખ આપણને જાગતા રાખે છે ઇશ્વરની સતત યાદ રહે છે. ઇશ્વરની સતત યાદગીરીમાં આપણે કોઇ બુરાંકામ કે ખોટા વિચાર પણ કરી શકતા નથી. દુખ આપણા હૃદયરૂપી વાસણને અંદરથી માંજવાનું કામ કરે છે એ સદાય ચળકતું રહે છે..

શિષ્યને જુનૈદના જવાબથી પરમ સંતોષ થયો.

Email - sureshchandrabhatt18@gmail.com

'અલ્યા બદમાશ તું અમારી સાથે એની સરખામણી કરવાનું બંધ કર,' મમ્મીએ તેને ટપાર્યો, તેથી તેનું મોઢું બગડી ગયું પણ દાદાજી તેને વ્હેલના હાડપીંજરની નજીક લઇ ગયા અને તેની મોટી મોટી પાંસળીઓ, કરોડના મોટા મણકા તેમજ વિશાળ જડબું બતાવ્યું ત્યારે એ ખુશ થઇ ગયો

સાંજના ચાર થવા આવ્યા હતા. ગરમીનો પ્રકોપ ઓછો થઈ ગયો હતો અને ઠંડા પવનની લહેરખી સાથે ઠંડક પ્રસરી રહી હતી. રવિવારનો દિવસ હોવાથી હરણોદ્યાનમાં મુલાકાતીઓનાં ટોળે ટોળાં ઉમટી પડ્યા હતા. કુટુંબ સાથે આવેલ નાના બાળકોને આંગળી એ વળગાડીને એક દાદાજી (મીરર હાઉસ) અરિસા ઘરની બહાર આવતા હતા. નાના બાળક જેટલું હાસ્ય દાદાજીના ચહેરા પર દેખાતું હતું. તેમનાં ચહેરા પરની પ્રસન્નતા જોઇ મને પણ આનંદ થયો. બાળકનું નિર્દોષ હાસ્યનો આપણને અમસ્તુ પણ ખુબ જ ગમતું હોય છે.

'દાદાજી આવું આ કોણે બનાવ્યું હશે?' બાળકે પ્રશ્ન પુછ્યો.

'ખબર નહીં, પણ તને મજા આવી ને?'

'હાં, બહુ મજા આવી તમે કેવા જાડા પાડા દેખાતા હતા.' કહેતાં હથેળીને મોં પર રાખી બાળક ફરીથી ખીલખીલાટ હસી પડ્યો.

'બેટમજી, તું પણ કેવો લંબુજી લાગતો હતો.'

'દાદાજી આપણે પાપા અને મમ્મીને ત્યાં લઇ જઇએ એ લોકોને પણ મજા આવશે. જૂઓ એ તો થાકીને સામે બગીચામાં બેસી ગયાં છે.'

'તને થાક નથી લાગ્યો.'

'ના... રે... મને તો ખુબ મજા પડી. પણ હાં ભૂલ લાગી છે. દાદાજી અહીં કંઇ નાસ્તો નહીં મળતો હોય?'

'ના, આ પ્રકૃતિ ઉદ્યાન છે. તેથી નાસ્તો મળતો નથી હાં ફળફળાદીની એક લારી છે ત્યાંથી તારી મમ્મીએ કેળાં, સફરજન અને દાડમ લીધાં છે.'

'અને બીજું કાંઇ'

'હાં મેં જોયેલું તેણે એક પાઇનેપલ (અનાનાસ) કપાવી તેની ગોળ ચીપ્સ બનાવડાવી છે. મસાલા સાથે તે બહુ ટેસ્ટી લાગે તને પણ ભાવશે.' દાદાજીએ કહ્યું, બંને વાતો કરતાં કરતાં બગીચામાં આવી ગયા.

'દાદાજી આ બગીચો કેટલો સ્વચ્છ અને સુંદર છે નહીં, પણ જૂઓને લોકો કંઇ સમજતા જ નથી. કોઇએ અહીં મહેંદી પાસે ખૂણામાં નાસ્તાની પેપર પ્લેટો નાંખી દીધી છે. સામે જ ડસ્ટબીન છે એટલું ચાલીને નાખતાં શું જોર આવતું હશે?'

'બેટા તારી વાત સાચી છે. દરેક માણસે ઘરના આંગણથી શહેરની દરેક જાહેર જગ્યાઓને સ્વચ્છ રાખવા માટે પોતે કચરા ન નાંખે તો, બીજા પણ એમ નહીં જ કરે.' કહેતાં દાદાજી અને પૌત્ર તેમનું કુટુંબ બેઠું હતું તેમાં આવી ગયા.

નાસ્તો કરી એ બધાં વ્હેલના હાડપીંજર તરફ આગળ વધ્યાં. ત્યારે પેલા બાળકે કુહૂતલથી પુછ્યું.

'દાદાજી જૂઓને આ કેવડું મોટું હાડપીંજર છે. મેં ગુગલ પર સર્ચ કરીને જોયેલું આપણા ગુજરાતના દરિયાકાંઠે બ્લ્યુ વ્હેલ બહુ જોવા મળે છે.'

'બેટા તારી વાત સાચી છે. ગુગલ દાદા પાસેથી તું બધું જ જાણીને બેઠો હોય છે. પણ અહીં જો સામે પેલા ભાઇ તારા જેવા જ જીજ્ઞાસુઓના એક ગૃપને વ્હેલ વિશે સમજાવે છે. ચાલ આપણે પણ ત્યાં જઇએ.'

દાદાજી આંગળી ઝાલી પૌત્ર તેમની સાથે લઇ આગળ વધ્યા ત્યારે દાદીમાં અને તેમના પુત્ર તથા પુત્રવધુને પણ એમની સાથે ખેંચાવું પડ્યું. જતાંવેંત બાળકે તો ત્યાં ગાઇડ તરીકે માહિતી આપી રહેલ તુષારને પુછી જ નાખ્યું.

'આ બ્લ્યુ વ્હેલનું હાડપીંજર છે ને?'

'હાં'

'અહીં એ કયાંથી આવ્યું?'

'પંદરેક વર્ષ પહેલાં ખંભાતથી લાવવામાં આવ્યું હતું. મૃત્યુ પામેલી આ બ્લ્યુ વ્હેલ દરિયા કિનારે પડેલી મળી હતી.'

'ભાઇ, આ બ્લ્યુ વ્હેલ માછલી કહેવાય?' એક જણે પ્રશ્ન પુછ્યો.

'બ્લ્યુ વ્હેલના દેખાવ પરથી આપણા લોકો તેને માછલી જ કહે છે. પણ આ એક વિશાયકાળ સસ્તન વર્ગનું દરિયાઇ પ્રાણી છે.'

'કેટલી લાંબી છે નહીં?'

'હાં, બ્લ્યુ વ્હેલની લંબાઇ ૨૦થી ૨૫ મીટર જેટલી હોય છે. આ દરિયાઇ જીવનું વજન ૮૦ થી ૯૦ ટન અને તેનું આયુષ્ય ૬૦ થી ૮૦ વર્ષનું હોય છે.'

'દાદાજી તમને કેટલાં વર્ષ થયાં ?' બાળકે પ્રશ્ન પુછ્યો.

'બેટા મને પંચોતેર થવા આવ્યા છે.'

'તો તો આને આપણે દાદી વ્હેલનું હાડપીંજર કહી શકીએ.'

'ના, આ હાડપીંજર પુખ્ય ઉંમરની વ્હેલનું નથી પણ વીસ પચ્ચીસ વર્ષની વ્હલનું છે.'

'ઓહ! તો તો, મમ્મી જેવડું કહેવાય.'

'અલ્યા બદમાશ તું અમારી સાથે એની સરખામણી કરવાનું બંધ કર.' મમ્મીએ તેને ટપાર્યો. તેથી તેનું મોઢું બગડી ગયું પણ દાદાજી તેને વ્હેલના હાડ પીંજરની નજીક લઇ ગયા અને તેની મોટી મોટી પાંસળીઓ, કરોડના મોટા મણકા તેમજ વિશાળ જડબું બતાવ્યું ત્યારે એ ખુશ થઇ ગયો. તેણે કહ્યું.

'દાદાજી... દાદાજી... જૂઓ તો ખરા આના બે જડબાં વચ્ચે કેટલું અંદર છે. જો બ્લ્યુ વ્હેલ મોં ફાડીને બેઠી હોય તો આપણે આમ ને આમ સીધા ચાલતા તેમાં જઇ શકીએ.'

'તારી વાત સાચી છે, પણ જો તુષાર ભાઇ ત્યાં બ્લ્યુ વ્હેલ વિશે બીજી પણ ઘણી જાણવા જેવી વાતો કરે છે. આપણે ત્યાં જઇ સાંભળીએ.'

'હાં દાદાજી ચાલો' બંને તુષારની સામે આવીને ઉભા રહ્યા. તુષારભાઇ હજુ પેલા ગ્રુપને સમજાવતા હતા.

'વિશાળ કદનું આ તિમિંગલ શ્રેણીમાં આવતું સસ્તન પ્રાણી સ્લેટિયા વાદળી રંગનું હોય છે. કેટલીક બ્લ્યુ વ્હેલનો શરીરનો નીચેનો ભાગ વાદળી હોય છે. તેના ગળામાં ૭૦ થી ૮૦ ખાંચા હોય છે. તેનો મુખ્ય ખોરાક ક્રિલ્સ, એમ્ફી પોડ્સ, કોપેપોડ્સ અને સેફાલ પોડ્સ જેવા દરિયાઇ જીવો છે. ગુજરાતના કચ્છ અને ખંભાતના અખાતમાં તે તણાઇ આવે છે. આ બ્લ્યુ વ્હેલ પણ ત્યાં જ આવી હતી.' સામાન્ય સંજોગોમાં તે દૂર ખુલ્લા સમુદ્રમાં જોવા મળે છે. વ્હેલ જોડીમાં વધુ હોય છે. તે દરિયાની લાંબી મુસાફરીઓ કરતી રહે છે. તેના મોઢામાં ઘેરા કાળા રંગની બબિન પ્લેટસ હોય છે. જેના કારણે તે તરત ઓળખાઇ જાય છે. તે પોતાના મોઢામાં ઘણું બધું પાણી ભરી લે છે. આને જડબું બંધ કરી આવેલા નાના દરિયાઇ જીવો તેના મોઢામાં રહી જાય છે. જેને વ્હેલ આરોગી જાય છે.

'દાદાજી... દાદાજી... વ્હેલને દાંત હોતા નથી છતાં તે બધું ખાઇ શકે છે. તમારે તો ચોકઠું બનાવવું પડ્યું છે.'

'હાં બેટા, પણ વચ્ચે નહીં બોલવાનું જો તુષાર ભાઇ આપણને બીજી પણ ઘણી ઘણી સરસ વાતો કરે છે. જરા સાંભળને મજા આવશે.'

તુષારની વાત ચાલુ હતી. તેણે કહ્યું 'બ્લ્યુ વ્હેલ વિશ્વનું સૌથી મોટું પ્રાણી છે. જમીન પરનું મોટામાં મોટું પ્રાણી હાથી છે પણ તેનું વજન બ્લ્યુ વ્હલની જીભ જેટલું જ છે. સામાન્ય રીતે આપણે તેના દેખાવને લીધે વ્હેલ માછલી એમ બોલીએ છીએ તેને આખા શરીર પર કયાંક વાળ હોતા નથી. થોડાક વાળ ફક્ત હોઠની આસપાસ જોવા મળે છે. તેના ફલીપર્સ લાંબા અને ચપટા હોય છે. જે શરીરની લંબાઇના સાતમા ભાગ જેવડા હોય છે.'

'તો... તો... તેનું નાનું બચ્ચું પણ કેટલું હોય નહીં?'

'હાં, બ્લ્યુ વ્હેલનું બચ્ચું જન્મ સમયે ૨૩ ફૂટ જેટલું લાંબુ અને ૨૫૦૦ થી ૩૦૦૦ કિલો વજનનું હોય છે.'

'બાપ રે બાપ એને બચ્ચું કહેવાય ખરું?'

'એ તો જેવડું મોટું પ્રાણી છે તે મુજબ એનાં બચ્ચાં પણ મોટાં તો હોવાના જ ને?' દાદાજીએ સમજાવ્યું.

'એ તુષારભાઇ... તુષારભાઇ... આ બ્લ્યુ વ્હેલ વાતો કઇ રીતે કરતી હશે?'

'બ્લ્યુ વ્હેલ દરિયાના પાણીમાં અલ્ટ્રાસોનિક તરંગો પેદા કરીને અવાજ દ્વારા તેના સંદેશાઓની આપ-લે લાંબા અંતર સુધી કરે છે.'

'આવું વ્હેલનું હાડપીંજર તો વડોદરાના મ્યુઝીયમમાં અને જામનગરના લાખોટા તળાવ વચ્ચે આવેલા મહેલમાં પણ મુકવામાં આવ્યું છે તો શું અવારનવાર આ બ્લ્યુ વ્હેલ આપણે ત્યાં આ રીતે મળતી હશે.' એક જીજ્ઞાસુ મુલાકાતીએ પુછ્યું.

'હાં, ભારતમાં ગુજરાત, મહારાષ્ટ્ર, કેરાલા, કર્ણાટક, તામિલનાડુ અને આંધ્રના પ્રદેશના ખુલ્લા તથા ઠંડા પાણીવાળા દરિયાઇ વિસ્તારોમાં તેનો વ્યાપ ઘણો છે. ૧૯૩૯માં કાઠીયાવાડ, ૧૯૫૧માં ઉંમરગામ, ૧૯૬૦માં ગણેશગ્રામ, ૧૯૬૩માં સુરત, ૧૯૮૮માં કાળુભાર ટાપુ અને ૧૯૮૪માં ખંભાતના અખાતમાં દરિયાકાંઠે બ્લ્યુ વ્હેલ તણાઇને આવી હોવાનું જાણવા મળે છે.'

'બ્લ્યુ વ્હેલ પર દરિયાના જહાજો અને મચ્છી મારી તથા શિકારના કારણે ખતરો તો ખરો ને?'

(અનુસંધાન પાના નં. ૬ પર)

ધનનું પ્રદર્શન કરવાની મનોવૃત્તિ રાષ્ટ્રીય મહારોગ છે

વિચારયાત્રા

- ડો. જય ઓઝા

ફોર્બ્સ મેગેઝિનમાં તાજેતરમાં દુનિયાના અબજોપતિઓની યાદી બહાર પાડવામાં આવી છે. આ યાદીમાં પહેલાં પાંચ અબજોપતિઓ પૈકી બે ભારતના છે. ચૌથા નંબરે ભારતના મુકેશ અંબાણી અને પાંચમા નંબરે લક્ષ્મી મિત્તલ છે, જેઓ મૂળ ભારતના છે. ફોર્બ્સ મેગેઝિનની યાદીમાં જે ૧૦૧૧ અબજોપતિઓ છે, તે પૈકી ૪૯ ભારતના છે. એશિયામાં જે ૨૫ અબજોપતિઓ છે, તેમાંના પાંચ ભારતીયો છે. ભારતના ૪૯ અબજોપતિઓની કુલ સંપત્તિનો સરવાળો કરીએ તો તે ભારતની જીડીપીના ૧૭ ટકા થવા જાય છે. ફોર્બ્સ મેગેઝિન તરફથી દર વર્ષે વિશ્વના અબજોપતિઓની યાદી બહાર આપવામાં આવે છે અને પ્રચાર માધ્યમોમાં તેને બહોળી પ્રસિદ્ધિ આપવામાં આવે છે. જે રીતે એસએસસી બોર્ડ દ્વારા મેરિટ લિસ્ટ બહાર પડવાના કારણે એસએસસીની પરીક્ષા આપતા તમામ વિદ્યાર્થીઓમાં આ લિસ્ટમાં ચમકવાની સ્પર્ધા પેદા થાય છે તેમ દુનિયાના તમામ શ્રીમંતો આ યાદીમાં ચમકવાની કોશિશ કરે છે.

બહુજન સમાજ પક્ષનાં અધ્યક્ષા માયાવતીને એક જાહેર સમારંભમાં ચલણી નોટોનો હાર પહેરાવવામાં આવ્યો તેની બહુ ટીકા થઇ હતી. આ ટીકાથી જરાય વિચલિત થયા વિના માયાવતીએ બે દિવસ પછી બીજા એક સમારંભમાં હસતા ચહેરે ચલણી નોટોનો બોજો હાર ગળામાં પહેર્યો હતો. ફોર્બ્સની યાદીમાં પોતાનું નામ અંકિત કરાવવા મથતા અબજોપતિઓ અને માયાવતીમાં કોઇ તાત્ત્વિક ફરક નથી. તેમની પાસે માધ્યમથી પોતાના ધનનું પ્રદર્શન કરી રહ્યા છે તો માયાવતી કરન્સી નોટોનો હાર પહેરીને પોતાની પાસે આવેલી લક્ષ્મીનો ઢંઢેરો પીટી રહ્યાં છે. આજના યુગમાં લગભગ તમામ નાગરિકો શ્રીમંતાઇ પાછળ દોડી રહ્યા છે. કોઇ પણ રીતે ધન કમાવું એ જાણે જીવનનું એકમાત્ર ધ્યેય બની ગયું છે. આજની શિક્ષણમાં સફળતાનો માપદંડ જ્ઞાનની નહીં પણ ધનની પ્રાપ્તિ બની ગયો છે. જાહેર જીવમાં જેઓ વધુ ધનિક હોય તેઓ જ વધુ સફળ ગણાય છે. આ કારણે જ પોતાની પાસેના ધનનો ઢંઢેરો પીટવામાં કોઇને શરમનો કે સંકોચનો અનુભવ થતો નથી.

જેમની પાસે ચિક્કાર પૈસા આવી જાય છે તેઓ ચીસ પાડીને જગતને કહેવા ઇચ્છે છે કે તેઓ શ્રીમંત છે. ધનવાનોના ધનની જો દુનિયાને જાણ ન થાય તો તેમની શ્રીમંતાઇ તેમને નકામી લાગે છે. આ કારણે જ શ્રીમંતો પોતાના ધનના પ્રદર્શન માટે લગ્ન અને વર્ષગાંઠ જેવા પ્રસંગોનો ઉપયોગ કરે છે. આજકાલના ધાર્મિક પ્રસંગો પણ અમુક શ્રીમંતો માટે ધનનું પ્રદર્શન કરવાના અવસર જેવા બની ગયા છે. ટીવીની એક ચેનલ ઉપર 'બીગ ફેટ ઇન્ડિયન વેટિંગ' નામનો કાર્યક્રમ આવે છે. આ કાર્યક્રમમાં ભારતના શ્રીમંતો પોતાના પરિવારના લગ્નમાં કેવો વૈભવી ખર્ચાઓ કરે છે તેનું વિગતવાર વર્ણન કરવામાં આવે છે. હકીકતમાં શ્રીમંતો પોતાને ત્યાં થતાં લગ્નોમાં ટીવીની ચેનલોનાં સંવાદદાતાઓને સામે ચાલીને આમંત્રણ આપતા હોય છે અને શૂટીંગ કરાવતા હોય છે, જેથી આખી દુનિયા તેમની સંપત્તિ બાબતમાં જાણી શકે. જો ધન છે તો દેખાડવામાં શું વાંધો છે? એવો સવાલ તેઓ કરે છે.

દિલ્હી નજીક આવેલા નોઇડાના એક શ્રીમંત ખેડૂતે પોતાના પુત્રના લગ્ન માટે હેલિકોપ્ટર ભાડે કર્યું હતું અને અખબારોમાં તેની તસવીરો છપાવડાવી હતી. આ ખેડૂત જમીનો વેચીને શ્રીમંત બન્યો છે. થોડા વખત પહેલાં ભારતના એક અબજપતિની પુત્રીનાં લગ્ન થયાં. આ લગ્નના વિવિધ કાર્યક્રમો રાજસ્થાન અને દિલ્હી ઉપરાંત બાલી ટાપુમાં રાખવામાં આવ્યા હતા. આ કાર્યક્રમોમાં આશરે ૫૦૦ વીવીઆઇપી મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ મહેમાનોને એક સ્થળેથી બીજા સ્થળે લઇ જવા બે વિમાનો રાખવામાં આવ્યા હતા. ગુજરાતના ગરીબ આદિવાસીઓ પરણે છે ત્યારે માંડ ૧૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ થાય છે. આ શ્રીમંતે પોતાની પુત્રીના લગ્ન પાછળ ૧૦ કરોડ રૂપિયાનો ધુમાડો કર્યો હતો. વર્ષો અગાઉ મુંબઇના હીરાના એક વેપારીએ મુંબઇના વાનખેડે સ્ટેડિયમમાં પોતાની દીકરીના લગ્નનો શાનદાર તમાશો યોજ્યો હતો. આ સમારંભના છ મહિના પછી જ પુત્રીના છુટાછેડા થઇ ગયા હતા. પુત્રીના લગ્ન પાછળ ૧૦ કરોડના રૂપિયાનો ખર્ચો કર્યા પછી પણ તેનું લગ્નજીવન સુખી હોવાની ગેરન્ટી નથી મળતી.

માયાવતીના સમર્થકો એવી દલીલ કરી રહ્યા છે કે 'બહેનજી પાસે પૈસા છે, માટે તેઓ તેનું પ્રદર્શન કરે છે. તમને કેમ પેટમાં ચૂંક આવે છે?' આજકાલના નવશ્રીમંતો પણ આ પ્રકારની દલીલો કરતાં હોય છે. ફોર્બ્સની યાદીમાં ભારતના શ્રીમંતોનાં નામો વાંચીને ઘણો લોકો કહે છે કે 'ભારતનો આર્થિક વિકાસ થઇ રહ્યો છે તેનો આપણે આનંદ અનુભવવો જોઇએ.' આપણો સમાજ આજે પૈસાનો પૂજારી થઇ ગયો છે. જેમની પાસે પૈસા છે તેઓ પ્રદર્શન કરવામાં માને છે અને નતી તેઓ પૈસાની પાછળ દોડી રહ્યાં છે. આ પૈસા નીતિથી કમાવવામાં આવ્યા છે કે અનીતિથી તેનો વિચાર કોઇ કરતું નથી. શેરબજારમાં ઊથલપાથળ કરીને અબજો રૂપિયાની કમાણી કરનાર હર્ષદ મહેતાની ગેરરીતિઓ પકડાઇ ગઇ તે પછી તેણે જેલમાં જવું પડ્યું હતું. હર્ષદ મહેતા જામીન પર છૂટીને જેલમાંથી બહાર આવ્યો અને પછી અનેક સંસ્થાઓ ધનની પ્રાપ્તિ બાબતમાં તેનાં પ્રવચનો ગોઠવતી હતી અને તેના ઓટોગ્રાફ લેવા માટે પડાપડી થતી હતી.

ફોર્બ્સની યાદીમાં અબજોપતિઓનાં નામ ચમક્યા છે, તેઓ કેવી રીતે અબજોપતિ બન્યા છે, તેનું પણ કોઇએ સંશોધન કરવું જોઇએ. આ અબજોપતિઓમાંના કોઇ ભારતનાં કિસાનોની જમીનો સસ્તામાં હડપ કરી જવાની યોજના અમલમાં મૂકી રહ્યા છે તો કોઇ વીજળીના મીટરોમાં કરામત કરીને ગ્રાહકો પાસેથી કરોડો રૂપિયા ખંખેરી રહ્યા છે. કોઇ ઉદ્યોગપતિ સરકારના પ્રધાનોને અબજો રૂપિયાની લાંચ આપીને જંગલોની જમીન ખાણકામ માટે લીઝ ઉપર લઇ રહ્યા છે તો કોઇ ગરીબ આદિવાસીઓને બેઘર બનાવી રહ્યા છે. ફોર્બ્સની યાદીમાં ચમકેલા એક શ્રીમંત પરિવાર નબીરાના તાજેતરમાં કસ્ટમની ચોરી કરવાના આરોપ હેઠળ જેલમાં પણ જઇ આવ્યા છે. શ્રીમંતો પોતાના ધનનું પ્રદર્શન કરીને પ્રજાને પણ ધનની પાછળ દોડવાનો બોધ આપી રહ્યાં છે.

સમાજમાં ધનનું જે વરવું પ્રદર્શન કરવામાં આવે છે તેની હાનિકારક અસર નવી પેઢીના નાગરિકો ઉપર પડે છે. આજનાં બાળકો નાનપણથી એવું માનવા લાગે છે કે ધનની બધું ખરીદી શકાય છે અને ધનવાન બનવા માટે કાંઇ પણ કરી શકાય છે. આ કારણે જ આજના માબાપોને પણ લાખો રૂપિયા ખર્ચીને સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં એડમિશન લેવામાં કોઇ સંકોચ થતો નથી. આ કારણે જ પરીક્ષામાં ચોરી કરવામાં અને પેપરો ફોડવામાં કોઇને પાપ દેખાતું નથી. આ કારણે જ ડૉકટરને દવા બનાવતી કંપની પાસેની લાંચ દઇને દર્દીને ખર્ચના ખાડામાં ઉતારવામાં કોઇ શરમ આવતી નથી. શિક્ષણનો ઉપયોગ પણ તેઓ પૈસા કમાવાના સાધન તરીકે જ કરે છે. જે ડિગ્રી સૌથી વધુ ધન કમાવાની સગવડ કરી આપે તે શ્રેષ્ઠ ગણાય છે. આજની મેનેજમેન્ટ કોલેજમાં પણ ઇમાનદારીથી ધંધો કરીને શ્રીમંત બનવાના પાઠ ભણાવવામાં નથી આવતા પણ ગ્રાહકો સાથે સફેદ ઠગાઇ કરીને વેચાણ વધારવાના શોર્ટ કટ શીખવવામાં આવે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

શાળા તેમજ કોલેજકાળ દરમિયાન ગાયન, નૃત્ય, ચિત્રકલા, હસ્તઉદ્યોગ વગેરેમાં ખૂબ જ પ્રગતિ કરી અને ઘણાં ઈનામો તથા પ્રાવિણ્ય પ્રમાણપત્રો હાંસલ કર્યા

ઉત્પલાબેન જાદવાણી મોંઘેરા મોતી

- નટવર આહલપરા

ઉત્પલ્લાબેનની પ્રવૃત્તિઓનો ચિતાર એટલો બહોળો છએ કે તેમના માટે અલગ પુસ્તક બનાવવું પડે. આ પ્રતિભાશાળી કલાકારને ભગવાન વિશ્વકર્માએ અનેક કલાઓની બક્ષિસ કરી છે અને તેમની પ્રતિભાનો વિકાસ વિશેષ તો સંગીત અને નૃત્યકકલાક્ષેત્રે જોવા મળે છે. પિતાશ્રી સ્વ. નાનુભાઈ નાગજીભાઈ ખંભાયતા અને માતુશ્રી સરલાબેનના પરિવારમાં તેમના જન્મ ૧૯૫૬માં થયો. પિતાશ્રી સ્વ.નાનુભાઈ ખંભાયતા એક કુશળ કારીગરી તથા જન્મજાત કલાકાર હતા. તેઓશ્રી ગીતો લખતા, કમ્પોઝ કરતાં (બંદીશ) અને સારું ગાયન પણ કરી શકતા. પિતાશ્રીનો વારસો ઉત્પલ્લાબેનના જીવનમાં વિકાસ પામ્યો હોય તેમ લાગે છે.

પ્રાથમિક શિક્ષણ તેમજ માધ્યમિક શિક્ષણ કડવીબાઈ વિરાણી કન્યા વિદ્યાલયમાં પ્રાપ્ત કર્યું. આ સંસ્થાના અભ્યાસકાળ દરમિયાન તેમની કલાની પાંગરવાનો ભરપૂર અવકાશ મળ્યો. શાળા કક્ષાએ માત્ર અગિયાર વર્ષની ઉંમરે મીરાંનું પાત્ર ભજવી પોતના ભાવવાહી સૂરીલા કંઠનો ઝવેરચંદ મેઘાણીના સૂના સમંદરને પાળ નું જીવંત દૃશ્ય રજૂ કરવાનો શાળાના શિક્ષકનો ઉમદા વિચાર તેમણે ઝીલી લીધઓ અને દૃશ્યનું સુંદર મંચન જોઈ સૌએ અભિનંદન આપ્યા. ઉપરાંત રવીન્દ્રનાથ ટાગોરની 'ચિત્રાંગદા' નૃત્ય નાટિકા કે જે બંગાળીમાં ભજવાઈ હતી તેમાં ચિત્રાંગદાનું મુખ્ય પાત્ર ઉત્પલાબેને ભજવ્યું હતું. બુદ્ધની નૃત્યનાટિકામાં યશોધરાનું પાત્ર ભજવીને તેમનામાં રહેલી કથ્થકલીની નૃત્યકલાનો સૌને આગવો પરિચય કરાવ્યો.

શાળા તેમજ કોલેજકાળ દરમિયાન ગાયન, નૃત્ય, ચિત્રકલા, હસ્તઉદ્યોગ વગેરેમાં ખૂબ જ પ્રગતિ કરી અને ઘણાં ઈનામો તથા પ્રાવિણ્ય પ્રમાણપત્રો હાંસલ કર્યા.

તેમના પિતાશ્રી પાસેથી સંગીત સંસ્કારોનો વારસો તો તેમને બચપણથી જ મેળવેલ છે. પણ આ સંગીતકલા માટેનીસાધના પણ તેમનામાં જબરી જોવા મળે છે. સંગીત વિશારદ હોવાથી હાયનકળામાં તેઓશ્રી નિપૂણ છે. કાંતિભાઈ સોનછત્રા પાસેથી સુગમ સંગીતની તાલીમ લઈ તેમના પ્રથમ શિષ્યા બી ગ્રેડના માન્ય કલાકાર છે અને તેમનાં કંઠે ગવાયેલા ગીતો આકાશવાણી પરથી પ્રસારીત થયાં છે. કલાગુરુ સ્વ. બાબુભાઈ અંધારિયા અને જાણીતા શાસ્ત્રીય સંગીતના ગાયિકા શ્રીમતી પિયુબેન સરખેલ પાસેથી તેમણે શાસ્ત્રીય સંગીતની પણ તાલીમ મેળવેલ છે.

તેમના કુટુંબજીવન વિશે જાણીએ તો સને ૧૯૭૭ની સાલે ઉત્તમ ફર્નિચરવાળા શ્રી કિશોરભાઈ જાદવાણી સાથએ તેઓના લગ્ન થયાં છે. હાલ કુટુંબ અને બાળકોની જવાબદારી વચ્ચે પણ તેઓશ્રી અનેક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા જોવા મળે છે.

ભારતીય સંસ્કૃતિમાં સંગીત અને અધ્યાત્મ એકબીજાના પૂરક રહ્યા છે. ઉત્પલાબેન આર્ટ ઓફ લીવીંગ જેવી ડિવોશ્નલ સંસ્થા સાથે ઘનિષ્ઠ નાતો ધરાવે છે. શ્રી શ્રી રવિશંકર પ્રથમ વખતે રાજકોટ આવેલા ત્યારે સત્સંગના મુખ્ય ગાયક તરીકે ઉત્પલાબેન હતા. બીજી મુલાકાત વેળાએ રાજકોટના શ્રી શ્રઈ ના નજીક રહેવાની તેમને ઉત્તમ તક મળી. લંડન પણ આ સંસ્થાના ઉપક્રમે સત્સંગ વેળા એ ગાયન કરવાનો લ્હાવો તેમને મળેલ છે.

તેમનું ખરું પ્રદાન તો મંગલમ ગ્રુપ કહી શકાય. આ ગૃપમાં કોઈપણ પ્રકારની ફી લીધા વગર તો તેઓશ્રી બાળકો, યુવાનો, યુવતીઓને નૃત્યની તાલીમ આપે છે. તેમજ સ્ટેજ પરફોર્મ કરવાની તક આ સંસ્થા આપે છે. તેઓશ્રીનું કહેવું છે કે આકાર્ય હ